# આંસુ

ઝાકળ બની આજે ફૂલો રડયાં ડાળે, વરાળ થઈ ગગને ગયા.
વાદળીએ નાજુક ગોદમાં લીધા સમી, વરસાદ થઈ પાછા ફર્યા.

સુખના આસું મોઘા મોલના રે, દુઃખના દરિયાય રે દરિયા.
પ્રેમના આસું મોતીના મોલ રે, હદય છીપથી રે પ્રકટતા.

બાળકના આસું માની ધડક તણી, સીંચેલ તેની સોડ તણી.
હાડમાં હેત શીશું ખમ્મા ઘણી, તારી આરાધનામાં જીવું શશી.

દિકરીના આસું સાસરીયાની આણતણી, સમાજ છે કઠોર.
સમાજ લોક જોયા કરો, આ ધૂંધયો પ્રકાર ચુર ઉષા બની.

માના આસું ઝાલો રે કોઈ, મા દુઃખી તો ધરતી જો કાંપે.
વેણ વેણ વરદાન આપે તું, મા તારી ભાષા કોઈ ના જાણે.

પુરુષના આસું કયારે ન દેખાય, ઝરણા બને સમી ભીતર.
ભીતરનાં આસું જો આંખમાં છલકાય, સ્પર્શી નિર્મલ દીલ.

સુખદુઃખ લોહીના સંબધ અનેક, સ્વજન એક જ છે સગાય.
જોજે ઉડી જાય ના કોય પંખી, ને તેનો ટહુકો જ રહી જાય.

રૂક્ષ્મણીબહેન ટી પટેલ
બોલ્ટન